# મુરખની મિત્રતા ના હોય

એક રાજા એક વાર ફરવા નીકળ્યો. રસ્તામાં તેણે એક વાંદરાના બચ્ચાને રડતું જોયું. તે તો બચ્ચાને લઈ મહેલે આવ્યો. બચ્ચાને પગે વાગેલું. વૈદ્ય પાસે તેની દવા કરાવડાવી. બચ્ચું તો સાજું થઈ ગયું ને રાજા સાથે રમવા લાગ્યું. રાજાને મઝા પડી. મંત્રીએ કહ્યું કે હવે આપ તેને છૂટું મૂકી દો, જવા દો, પણ રાજાએ ના પાડી. મંત્રી કહે : 'મૂરખ સાથે દોસ્તીના હોય.' પણ રાજા ના માન્યા. તે તો તેને સાથે ને સાથે રાખે.



એક બપોરની વાત. રાજા કહે : 'જો સાંભળ. હું હવે ઊંઘી જઉં છું. તું મારું ધ્યાન રાખજે.' કહી રાજા આંખો મીચીં સૂઈ ગયા. ત્યાં એક ભમરો આવ્યો. બચ્ચાએ પાસે પડેલી તલવાર લીધી ને સટાક દઈ ભમરા પર મારી. ભમરો તો ઊડી જતો રહ્યો. તલવાર રાજાના નાકે વાગી. રાજા ચીસ પાડીને ઊઠી

ગયા. વાંદરાના હાથમાં તલવાર જોઈ તે ખિજાયા. સૈનિકોને બોલાવ્યા ને તેને પાંજરામાં પુરાવી દીધું. વૈદ્યને બોલાવ્યા. તેણે રાજાની સારવાર કરી. પછી મંત્રીને બોલાવ્યા ને કહ્યું : ‘તમારી વાત સાચી તે અનુભવે શીખ્યો.’ મંત્રી હસીને જતા રહ્યા.

■